૪૦૨ / ૮૬૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૪:૧૫] (રવિવાર, ૧૫ જુલાઈ, ૨૦૦૧) [કુલ ગુણ : ૭૫

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પ્રવેશ)**

**પ્ર. ૧. નીચેનામાંથી કોઈપણ બે અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'એને ઘેર તમારા જેવા તો ગોલા છે.'
૨. 'મહારાજ તમને કેમ તેડી જતા નથી ?'
૩. 'પારકી વસ્તુને તો હું ધૂળ જ સમજું છું.'

**પ્ર. ૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. દૂબળી ભટ્ટ
૨. નિત્યકર્મ
૩. સચ્ચિદાનંદ સ્વામી

**પ્ર. ૩. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. શાસ્ત્રીજી મહારાજની કઈ આજ્ઞા યોગીજી મહારાજે ૪૦ વર્ષ સુધી પાળી ?
૨. વ્યસન માટે ગુણાતીતાનંદ સ્વામીએ શું કહ્યું છે ?
૩. વસંતપંચમીના દિને કયા ત્રણ મહાપુરુષોનો જન્મ થયો હતો ?
૪. શીતળદાસ કોનાં દર્શન કરવા ફણેણી આવ્યા હતા ?
૫. સારંગપુર મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ક્યારે થઈ ?
૬. શ્રીજીમહારાજે કેશાબાને કયું વરદાન આપ્યું ?

**પ્ર. ૪. નીચે આપેલી 'સ્વામીની વાત' પૂરી કરી તેનું વિવરણ લખો.** ૬

કરોડ રૂપિયા ખર્ચે પણ......

**અથવા**

પ્રહ્લાદજીએ નારાયણ સાથે.....





**પ્ર. ૫. નીચેનામાંથી કોઈપણ ચાર કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** ૮

૧. ભવદુઃખ ટળે ...................................... કરી લીજે.
૨. વિશ્વેશભક્તિં ..................................... નમામિ ॥
૩. હે કૃપાલો .............................. શિક્ષાપત્રી પ્રમાણ.
૪. આપ પ્રભુ છો .................................... સાથે લઈ.
૫. શ્રદ્ધાવાન ........................................... ગચ્છતિ ॥
૬. બાળચરિત્રો ................................ સમજાવતા હો.

**(વિભાગ - ૨ શાસ્ત્રીજી મહારાજ)**

**પ્ર. ૬. નીચેનામાંથી કોઈપણ બે અવતરણ કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. 'તમે અહીં શી રીતે આવ્યા ? અહીં આવવાની તો બંધી છે.'
૨. 'શુકસ્વામી તો મહારાજનો જમણો હાથ કહેવાય.'
૩. 'ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ.'
૪. 'આ નારાયણ સ્વામીને જાળવજો.'

**પ્ર. ૭. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. 'અંતર ચોખ્ખાં કરવાની સાવરણી.'
૨. હરિનો મારગ છે શૂરાનો.
૩. વરતાલમાં અક્ષરપુરુષોત્તમનો જયઘોષ.

**પ્ર. ૮. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. એકાદશીના દિને ડુંગર ભક્ત અન્ન ન જમતાં શું બોલ્યા ?
૨. ડુંગર ભક્તને કોણે દીક્ષા આપી અને શું નામ પાડ્યું ?
૩. ભગતજી મહારાજનાં પ્રથમ દર્શને શાસ્ત્રીજી મહારાજના મનમાં કયો સંકલ્પ થયો ?
૪. અટલાદરામાં મંદિર કરવા માટે કયા હરિભક્તે જમીન અર્પણ કરી ?
૫. સારંગપુર મંદિર માટે મોતીભાઈએ કયું કીર્તન બનાવ્યું ?
૬. શુદ્ધ ઉપાસનાનો ડંકો સૌ પ્રથમ ક્યાં વાગ્યો ?

**પ્ર. ૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. અડસઠ તીરથ
૨. ગંગાસાગરનો સંગમ
૩. પ્રૌઢ પ્રતાપ
૪. બોચાસણમાં પ્રથમ અક્ષરપુરુષોત્તમ મંદિર

**પ્ર. ૧૦. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** **૪**

૧. શાસ્ત્રીજી મહારાજ વરતાલથી ......................... સંતો અને દોઢસો જેટલા હરિભક્તો સાથે બહાર નીકળ્યા.

૨. શાસ્ત્રીજી મહારાજ રામાનુજ ભાષ્ય .......................... પાસે ભણ્યા.

૩. શાસ્ત્રીજી મહારાજની સુવર્ણજંયતી .......................... મુકામે ઉજવાઈ.

૪. શાસ્ત્રીજી મહારાજ ........................ ના વૈશાખ સુદ ચોથના દિને ધામમાં પધાર્યા.

**(વિભાગ - ૩ 'સત્સંગ પ્રારંભ' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)**

**પ્ર. ૧૧. નીચે આપેલ બધા વિષયો પર વિસ્તૃત નોંધ લખો.** **૧૫**

૧. સોળ ચિહ્નો. **અથવા** માછલીઓ સજીવન કરી.

૨. સાચા સાધુ. **અથવા** ગુરુભક્તિ.

૩. જોધો ભરવાડ. **અથવા** ગંગામા.

✿ ✿ ✿